**(1) 'ગ્લોબલ એનર્જી રિવ્યુ, 2020' વિશે નીચેનામાંથી સાચા વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ આંતરરાષ્ટ્રીય ઊર્જા સંસ્થા (IEA) દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ અનુસાર દૈનિક વીજ માંગમાં 15%નો ઘટાડો નોંધાયો છે.
(3) જે દેશમાં ઉત્પાદન ક્ષેત્ર પ્રભાવશાળી હતું તે દેશમાં વીજ વપરાશનો ઘટાડો વધુ જોવા મળ્યો છે.
(4) 2019ની સાપેક્ષે કોલસાની વૈશ્વિક માંગમાં 12%નો ઘટાડો નોંધાયો છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ઊર્જા સંસ્થા દ્વારા 'ગ્લોબલ એનર્જી રિવ્યુ, 2020' નામનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટ બનાવવા માટે 30 દેશોમાંથી ડેટા એકત્ર કરવામાં આવ્યો છે. જેમાં ભારત અને ચીનનો સમાવેશ થાય છે.

⇛ રિપોર્ટના આધારે, દૈનિક વીજળીની માંગમાં 15%નો ઘટાડો જોવા મળ્યો છે. આ માંગમાં ઘટાડાનું કારણ લોકડાઉન છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ જે દેશમાં સેવા ક્ષેત્ર પ્રભાવશાળી છે તે દેશમાં વીજ વપરાશમાં ઘટાડો વધુ જોવા મળ્યો છે. સેવા ક્ષેત્રમાં હોટેલ, પરિવહન, શિક્ષણ, રિટેલ વેપાર વગેરેનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ લોકડાઉનના કારણે અશ્મિ-બળતણ દ્વારા ઉત્પન્ન કરવામાં આવતી વીજળીની માંગમાં પણ ઘટાડો થયો છે. ભારતમાં કોલસામાંથી કરવામાં આવતું વીજ ઉત્પાદન 2019ની સરખામણીએ 32.2% ઘટ્યું છે.

⇛ કોલસાની વૈશ્વિક માંગમાં પણ 2019ની સાપેક્ષે 8%નો ઘટાડો નોંધાયો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) વૈશ્વિક સ્થળાંતરીત પક્ષી દિવસ (World Migratory Bird Day) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસ ‘રામસાર ઈન્ટરનેશનલ’ દ્વારા ઊજવવામાં આવે છે.
(2) આ વર્ષની થીમ 'Birds Connect Our World' (પક્ષીઓ આપડી દુનિયાને જોડે છે) છે.
(3) વર્તમાન સમયે 10 લાખ જેટલી પક્ષીની પ્રજાતિઓ કનેકટીવિટી ગુમ થવાના કારણે લૂપ્ત થવાના ખતરામાં છે.
(4) આ દિવસ દર વર્ષે 9મે એ ઊવવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3)　　(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ દર વર્ષે 9 મે એ UNEP (યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ) ‘વૈશ્વિક સ્થળાંતરીત પક્ષી દિવસ’ ઊજવે છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (4) સાચું છે.)

⇛ આ એક પ્રકારનું વૈશ્વિક અભિયાન છે જે સ્થળાંતરીત પક્ષીઓ અને તેના રહેઠાણને જાળવવા માટેની જાગૃતતા કેળવે છે.

⇛ આ વર્ષની આ દિવસની થીમ : 'Bird Connect Our World' છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ થીમ જૈવ–વિવિધતા વિસ્તારની કનેકટીવિટી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઉપરાંત થીમ એવી ટેક્નોલોજી પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે કે જેના દ્વારા આ પક્ષીઓના સ્થળાંતરીત માર્ગો વિશ્વભરમાં શોધી શકાય.

⇛ વર્તમાન સમયે પક્ષીઓની આશરે 10 લાખ પ્રજાતિઓ લૂપ્ત થવાના જોખમમાં મુકાયેલી છે જેનું કારણ કનેકટીવિટી ગુમ થવી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) શેકતકર કમિટી માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કમિટીમાં 11 સભ્યો હતાં અને 2016માં કમિટીને નિયુકત કરવામાં આવી હતી.
(2) કમિટીનો હેતુ સૈન્યના ખર્ચને રીબેલેન્સ કરવાનો અને કોમ્બેટ ક્ષમતા વધારી શકાય તેવી ભલામણો સૂચવાનો હતો.
(3) કમિટીની મોટા ભાગની ભલામણો મંજૂર કરવામાં આવી નથી.
(4) કમિટીઓ ભારતનું ડિફેન્સ બજેટ GDPના 2.5થી 3% જેટલું રહે તેવી ભલામણ કરી હતી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રીએ મિલિટરી એન્જિનિયરીંગ સર્વિસની ઘણી બધી પોસ્ટને બંધ કરાવવાની ભલામણને મંજૂરી આપી છે.

⇛ આ ભલામણ શેકતકર કમિટી દ્વારા આપવામાં આવી હતી.

⇛ શેકતકર કમિટીનું નિર્માણ 2016માં કરવામાં આવ્યું હતું. અને તેમાં 11 સભ્યો હતા. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કમિટીની અધ્યક્ષતા લેફટનન્ટ જનરલ ડી. બી. શેકતકર (નિવૃત્ત) દ્વારા કરવામાં આવી હતી.

⇛ આ કમિટીનો હેતુ સૈન્યના ખર્ચને રીબેલેન્સ કરવાનો અને કોમ્બેટ ક્ષમતા વધારી શકાય તેવી ભલામણ સૂચવવાનો હતો. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ કમિટી દ્વારા આશરે 99 ભલામણો કરવામાં આવી હતી જે પૈકી 65 ભલામણોને ઓગસ્ટ 2017માં જ મંજૂર કરી લેવામાં આવી હતી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ કમિટીએ વર્તમાન અને ભવિષ્યના ખતરાઓને ધ્યાનમાં રાખીને ભલામણ કરી હતી કે ભારતનું સૈન્ય બજેટ GDPના 2.5થી 3% જેટલું હોવું જોઈએ. (આથી, વિધાન (4) સાચું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) યુરોપિયન કોર્ટ ઓફ જસ્ટિસ (ECJ) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની સ્થાપના પેરિસની સંધી પછી 1952માં કરવામાં આવી હતી.
(2) આ કોર્ટ ઈટાલીમાં આવેલી છે.
(3) કોર્ટનું કાર્ય છે કે યુરોપિયન યુનિયનના નિયમો યુરોપિયન યુનિયનના દરેક સભ્ય દેશોમાં સરખી રીતે લાગુ કરાવવા અને આ નિયમોનું અર્થઘટન કરવું.
(4) આ કોર્ટમાં મહત્તમ 9 જજ હોય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ યુરોપિયન કોર્ટ ઓફ જસ્ટિસ એ યુરોપિયન યુનિયન (EU)ના કાયદાઓ માટેની સુપ્રીમ કોર્ટ છે.

⇛ તેની સ્થાપના પેરિસની સંધી બાદ વર્ષ 1952માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કોર્ટ લક્ષમબર્ગ (Luxembourg)માં આવેલી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ કોર્ટમાં દરેક સભ્ય દેશ દીઠ એક જજ હોય છે. અર્થાત્ તેમાં કુલ 27 જજ હોય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ કોર્ટના એક પ્રેસિડેન્ટ હોય છે જેની ચૂંટણી કોર્ટના જજમાંથી જ કરવામાં આવે છે. તેનો કાર્યકાળ 3 વર્ષનો હોય છે.

⇛ કોર્ટનું કાર્ય EUના કાયદાઓ દરેક સભ્ય દેશમાં સરખી રીતે લાગુ કરાવવાનું અને આ કાયદા તથા નિયમોનું જરૂર પડયે અર્થઘટન કરવાનું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) મહારાણા પ્રતાપ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેઓ મેવાડના 13માં રાજા હતાં.
(2) તેઓ સિસોદીયા વંશના રાજા હતાં.
(3) તેમનો જન્મ 9 મે એ કુંભલગઢમાં થયો હતો.
(4) પ્રસિદ્ધ મંત્રી ભામાશાહ તેમના દરબારના મંત્રી હતા.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ પ્રતાપ સિંઘ પ્રથમ કે જેને 'મહારાણા પ્રતાપ' તરીકે ઓળખવામાં આવે છે તેમનો જન્મ 9 મે એ કુંભલગઢમાં થયો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેઓ મેવાડના 13માં રાજા હતાં. તેઓ સિસોદીયા વંશના હતા. (આથી, વિધાન (1) અને (2) સાચા છે.)

⇛ હલ્દીઘાટીના યુદ્ધમાં દર્શાવેલી બહાદુરી બદલ તેઓ લોકોની સ્મૃતિમાં અમર બન્યા છે.

⇛ પ્રસિદ્ધ મંત્રી ભામાશાહ તેમના દરબારના મંત્રી હતા. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેમની બહાદુરી તથા અડગ મન બદલ તેમની જન્મજયંતી ભારતમાં અને ખાસ કરીને રાજસ્થાનમાં ઊજવવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT